Retreat BEHAVIORAL HEALTH

# આશ્ચર્યજનક તબીબી બિલો વિરુદ્ધ તમારા અધિકારો અને તમારી સુરક્ષાઓ

જ્યારે તમે કટોકટી વખતની સંભાળ મેળવો છો અથવા નેટવર્ક બહારના પ્રદાતા દ્વારા નેટવર્કમાં રહેલી હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટર ખાતે સારવાર આપવામાં આવે છે, ત્યારે તમને બચેલા બિલિંગસામે રક્ષણ મળે છે. આવા કિસ્સાઓમાં, તમને તમારા પ્લાનની સહ-ચુકવણીઓ સહ-વીમા અને/અથવા કપાત પાત્ર રકમ કરતાં વધુ ચાર્જ લગાવી શકાતો નથી.

**"બચેલું બિલિંગ" (ક્યારેક "આશ્ચર્યજનક બિલિંગ તરીકે ઓળખાય છે") એટલે શું?**

જ્યારે તમે તબીબ કે આરોગ્ય સંભાળ પ્રદાતાની મુલાકાત કરો છો, ત્યારે તમારે કેટલાક ખર્ચ જાતે કરવા પડે છે, જેમ કેસહ-ચુકવણી, સહ-વીમો કે કપાતપાત્ર રકમ. જો તમે તમારા આરોગ્ય પ્લાનના નેટવર્કમાં ન હોય તેવા પ્રદાતા કે તેવી આરોગ્ય સંભાળ સુવિધાની મુલાકાત લો છો, તો બની શકે કે તમને વધારાના ખર્ચા કરવા પડી શકે અથવા આખું બિલ ચુકવવું પડી શકે છે.

"નેટવર્ક બહારના" એટલે એવા પ્રદાતાઓ કે સુવિધાઓ કે જેમણે તમારા આરોગ્ય પ્લાન સાથે સેવાઓ પ્રદાન કરવા માટેના કરાર પર સહી કરી નથી. નેટવર્ક બહારના પ્રદાતાઓને તમારો પ્લાન જે ચુકવણી કરે છે અને સેવા માટે ચાર્જ કરેલી કુલ રકમના તફાવતનું બિલ આપવાની પરવાનગી આપી શકાય છે. આને **"બચેલું બિલિંગ"** કહેવાય છે. આ રકમ તે જ સેવા માટે નેટવર્કમાં રહેલા પ્રદાતાઓ કરતાં વધુ હોવાની સંભાવના છે અને બની શકે કે તે તમારા પ્લાનની કપાતપાત્ર રકમ કે જાતે કરવાના વાર્ષિક ખર્ચની મર્યાદામાં તેની ગણતરી ન કરવામાં આવે.

"આશ્ચર્યજનક બિલિંગ" એ અનપેક્ષિત બચેલું બિલ છે. આમ ત્યારે બને છે જ્યારે તમે તમારી સંભાળમાં કોણ સામેલ છે, તેને નિયંત્રિત ન કરી શકો—જેમ કે જ્યારે તમે કટોકટીની સ્થિતિમાં હોવ અથવા તમે નેટવર્કમાં રહેલી સુવિધા ખાતે મુલાકાત શેડ્યૂલ કરો પરંતુ ત્યાં અનપેક્ષિત રીતે નેટવર્ક બહારના પ્રદાતા દ્વારા સારવાર કરવામાં આવે. આશ્ચર્યજનક તબીબી બિલોમાં હજારો ડૉલરનો ખર્ચ થઈ શકે છે, જેનો આધાર પ્રક્રિયા કે સેવા

પર રહે છે.

**તમને બચેલા બિલિંગ માટે આની સામે રક્ષણ મળે છે:**

**કટોકટીની સેવાઓ**

જો તમને કટોકટી વખતની તબીબી સ્થિતિ હોય અને તમે નેટવર્ક બહારના પ્રદાતા કે સુવિધા પરથી કટોકટી વખતની સેવાઓ મેળવો છો, તો તેઓ તમને વધુમાં વધુ તમારા પ્લાનની નેટવર્કમાં રહેલી સુવિધા દ્વારા કરવામાં આવતા ખર્ચ-શેરિંગ રકમ (જેમ કે, સહ-ચુકવણીઓ, સહ-વીમો અને કપાતપાત્ર રકમ) જેટલું બિલ આપી શકે છે. તમને કટોકટી વખતની આ સેવાઓ માટે બિલ **આપી શકાય નહીં**. આમાં, એવી સેવાઓ સામેલ છે કે જે તમે સ્થિર સ્થિતિમાં આવ્યા બાદ મેળવો છો, સિવાય કે, તમે લેખિત સંમતિ આપી હોય અને સ્થિર થયા પછીની આ સેવાઓ માટે બચેલું બિલ લગાવવા સામેનું તમારું રક્ષણ જતું કરો.

કનેક્ટિકટે બચેલા બિલિંગની સમસ્યા ઉકેલવા માટે વર્ષ 2015માં તેમનો પોતાનો કાયદો પસાર કર્યો છે. આ કાયદો કનેક્ટિકટના વીમા વિભાગ દ્વારા નિયંત્રિત કરવામાં આવતા આરોગ્ય પ્લાનને લાગુ પડે છે અને તેમાં ફેડરલ નો સરપ્રાઇઝ એક્ટ હેળ આપવામાં આવતી હોય તેવી જ સુરક્ષાઓ છે. વધુ માહિતી માટે, કનેક્ટિકટ જનરલ સ્ટેટ. §§ 38a-477aa અને 20-7f અથવા portal.ct.gov/CID/General-Consumer-Information/No-Surprises-Act**પર કનેક્ટિકટ વીમા વિભાગની વેબસાઇટ જુઓ.**

**નેટવર્કમાં રહેલી હોસ્પિટલ કે એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટર ખાતે ચોક્કસ સેવાઓ**

જ્યારે તમે નેટવર્કમાં રહેલી હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટરમાંથી સેવાઓ મેળવો છો ત્યારે તેમાં કેટલાક પ્રદાતાઓ નેટવર્ક બહારના હોઈ શકે છે. આ કિસ્સાઓમાં, તે પ્રદાતાઓ વધુમાં વધુ તમારા પ્લાનની નેટવર્કમાં રહેલી સુવિધાની ખર્ચ-વહેચણીની રકમ જેટલું બિલ આપી શકે છે. આ કટોકટી વખતની દવાઓ, એનેથેસ્યા, પેથોલોજી, રેડિયોલોજી, લેબોરેટરી, નિયોનેટોલોજી, સહાયક સર્જન, હોસ્પિટલિસ્ટ અથવા ઇન્ટન્સિવિઝિટ સેવાઓને લાગુ પડે છે. આ પ્રદાતાઓ તમને બચેલું બિલ **આપી શકતા નથી** અને તમને બચેલું બિલ આપવા સામેના તમારા રક્ષણને જતું કરવાનું કહેશે **નહીં**.

જો તમે નેટવર્કમાં રહેલી આ સુવિધાઓ ખાતે બીજા પ્રકારની સેવાઓ મેળવો છો, તો નેટવર્ક બહારના પ્રદાતાઓ તમને બચેલી રકમનું બિલ **આપી શકતા નથી** સિવાય કે, તમે લેખિતમાં સંમતિ આપો અને તમારી સુરક્ષા જતી કરો.

**તમારે બચેલા બિંલિંગ સામેની <u>તમારી</u> સુરક્ષાને ક્યારેય જતી કરવાની જરૂર નથી. તમારે નેટવર્ક બહાર સંભાળ મેળવવી પણ જરૂરી નથી. તમે તમારા પ્લાનના નેટવર્કમાં પ્રદાતા કે**

**સુવિધાને પસંદ કરી શકો છો.**

કનેક્ટિકટે બચેલા બિલિંગની સમસ્યા ઉકેલવા માટે વર્ષ 2015માં તેમનો પોતાનો કાયદો પસાર કર્યો છે. આ કાયદો કનેક્ટિકટના વીમા વિભાગ દ્વારા નિયંત્રિત કરવામાં આવતા આરોગ્ય પ્લાનને લાગુ પડે છે અને તેમાં ફેડરલ નો સરપ્રાઇઝ એક્ટ હેળ આપવામાં આવતી હોય તેવી જ સુરક્ષાઓ છે. વધુ માહિતી માટે, કનેક્ટિકટ જનરલ સ્ટેટ. §§ 38a-477aa અને 20-7f અથવાportal.ct.gov/CID/General-Consumer-Information/No-Surprises-Act પર કનેક્ટિકટ વીમા વિભાગની વેબસાઇટ જુઓ.

**જ્યારે બચેલા બિલિંગની પરવાનગી ન આપવામાં આવે ત્યારે તમને આ સુરક્ષાઓ પણ મળે છે:**

- તમે માત્ર ખર્ચનો તમારો હિસ્સો (જેમ કે સહ-ચુકવનીઓ, સહ-વીમો અને કપાતપાત્ર રકમ કે જે તમે જો સુવિધા નેટર્વકમાં હોત, તો ચુકવણી કરી હોત) ચુકવવા માટે જવાબદાર છો. તમારો આરોગ્ય પ્લાન નેટવર્ક બહારના પ્રદાતાઓ અને સુવિધાઓને સીધા જ વધારાના કોઈ પણ ખર્ચની ચુકવણી કરશે.
- સામાન્ય રીતે, તમારા આરોગ્ય પ્લાન:
    - સેવાઓ માટે અગાઉથી મંજૂરી લેવાની જરૂરિયાત વિના કટોકટી વખતની સેવાઓને આવરી લે તે જરૂરી છે, (જે "પૂર્વ અધિકૃતતા" તરીકે પણ ઓળખાય છે).
    - નેટવર્ક બહારના પ્રદાતાઓ દ્વારા કટોકટી વખતની  સેવાઓનેઆવરે, તે જરૂરી છે.
    - નેટવર્કમાં રહેલા પ્રદાતા કે સુવિધાને તમે કેટલી ચુકવણી (ખર્ચ-વહેચણી) કરી હોત, તેના આધારે તમારે પ્રદાતા કે સુવિધાને ચુકવણી કરવાની થાય છે અને તમારા લાભની સમજમાં તે રકમ બતાવે છે.
    - કટોકટી વખતની સેવાઓ માટે તમે જે કોઈ ચુકવણી કરો છો, તેની ગણતરી કરો અથવા નેટવર્કમાં રહેલી સુવિધા ખાતે નેટવર્ક બહારની સેવાઓ માટે કપાતપાત્ર અને જાતે કરવાના ખર્ચની મર્યાદાની રકમની ગણતરી કરો.

**જો તમને લાગતું હોય કે તમને ખોટી રીતે બિલ આપવામાં આવ્યું છે તો**, આમનો સંપર્ક કરો:

પેન્સિલવેનિયા ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્શ્યોરન્સ: https://www.insurance.pa.gov/Consumers/Pages/default.aspx

ફરિયાદ-અથવા-પૂછો-એ-પ્રશ્ન અથવા ગ્રાહક હેલ્પલાઇન: 1-877-881-6388

· સ્ટેટ ઑફ પેન્સિલવેનિયા ઑફિસ ઑફ ધ હેલ્થકેર એડવોકેટ 877-881-6388 પર

અથવા Healthcare.advocate@pa.gov.

· • https://www.insurance.pa.gov/Coverage/health-insurance/no-surprises-act/ ની મુલાકાત લો ફેડરલ કાયદા હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે Pages/default.aspx

**Español (Spanish)**
ATENCIÓN: si habla español, tiene a su disposición servicios gratuitos de asistencia lingüística. Llame al 1-860-679-2626

**Polski (Polish)**
UWAGA: Jeżeli mówisz po polsku, możesz skorzystać z bezpłatnej pomocy językowej. Zadzwoń pod numer 1-860-679-2626

**Português (Portuguese)**
ATENÇÃO: Se fala português, encontram-se disponíveis serviços linguísticos, grátis. Ligue para 1-860-679-2626

**Italiano (Italian)**
ATTENZIONE: In caso la lingua parlata sia l'italiano, sono disponibili servizi di assistenza linguistica gratuiti. Chiamare il numero 1-860-679-2626

**Français (French)**
ATTENTION: Si vous parlez français, des services d'aide linguistique vous sont proposés gratuitement. Appelez le 1-860-679-2626

**繁體中文 (Chinese)**
注意：如果您使用繁體中文，您可以免費獲得語言援助服務。請致電 1-860-679-2626

**Kreyòl Ayisyen (French Creole)**
ATANSYON: Si w pale Kreyòl Ayisyen, gen sèvis èd pou lang ki disponib gratis pou ou. Rele 1-860-679-2626

**Deutsch (German)**
ACHTUNG: Wenn Sie Deutsch sprechen, stehen Ihnen kostenlos sprachliche Hilfsdienstleistungen zur Verfügung. Rufnummer: 1-860-679-2626

**हिंदी (Hindi)**
ध्यान दें: यदि आप हिंदी बोलते हैं तो आपके लिए मुफ्त में भाषा सहायता सेवाएं उपलब्ध हैं। 1-860-679-2626 पर कॉल करें।

**Русский (Russian)**
ВНИМАНИЕ: Если вы говорите на русском языке, то вам доступны бесплатные услуги перевода. Звоните 1-860-679-2626

**ةيبرع (Arabic)**
ملحوظة: إذا كنت تتحدث اذكر اللغة، فإن خدمات المساعدة اللغوية تتوافر لك بالمجان. اتصل برقم 1-860-679-2242x (رقم هاتف الصم والبكم: 1-860-679-2626)

**λληνικά (Greek)**
ΠΡΟΣΟΧΗ: Αν μιλάτε ελληνικά, στη διάθεσή σας βρίσκονται υπηρεσίες γλωσσικής υποστήριξης, οι οποίες παρέχονται δωρεάν. Καλέστε 1-860-679-2626

**Tagalog (Tagalog – Filipino)**
PAUNAWA: Kung nagsasalita ka ng Tagalog, maaari kang gumamit ng mga serbisyo ng tulong sa wika nang walang bayad. Tumawag sa 1-860-679-2626

**Tiếng Việt (Vietnamese)**
CHÚ Ý: Nếu bạn nói Tiếng Việt, có các dịch vụ hỗ trợ ngôn ngữ miễn phí dành cho bạn. Gọi số 1-860-679-2626

**Shqip (Albanian)**
KUJDES: Nëse flitni shqip, për ju ka në dispozicion shërbime të asistencës gjuhësore, pa pagesë. Telefononi në 1-860-679-2626

**한국어 (Korean)**
주의: 한국어를 사용하시는 경우, 언어 지원 서비스를 무료로 이용하실 수 있습니다. 1-860-679-2626 번으로 전화해 주십시오

Printed 12/2021